ફોજદારી કેસ નં. ૧૮૩૯/૨૦૨૪

**આંક ૧ હેઠળ હુકમ**

ફરિયાદી તા. ૨૪/૦૬/૨૦૨૪ ના રોજ નેગોશીયલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ મુજબ આરોપી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરેલ છે. છેલ્લા ઘાણા સમયથી આરોપીને બજવા પર રહેલ છે તેમજ આંક ૧૩ તથા ૧૬ થી ફરિયાદી આરોપીને વોરંટ બજાવવા અરજીઓ કરેલ છે પરંતુ આજદીન સુધી આરોપીને બજવણી કરાવી શકેલ નથી. વધુમા આરોપીને પ્રોસેસની બજવણી સરનામા ઉપર થતી ન હોય તે બાબતે ફરિયાદી તરફે આરોપીનુ યોગ્ય સરનામુ જાહેર કરેલ નથી અને કેસને આગળ પ્રોસીડીંગ કરેલ નથી. વધુમાં આરોપીના સરનામાના ખુલાસા માટે વારંવર મુદત અરજીઓ આપેલ પરંતુ આરોપીનુ સાચુ સરનામુ આજદીન સુધી ફરિયાદી રેકર્ડ પર લાવી શકેલ નથી વધુમાં પ્રથમ ફરિયાદ દાણી લિમડા પોલિસ સ્ટેશનની હદમાં રહેતા હોવાની રજુઆત કરેલ ત્યાર બાદ ઇસનપુર પો સ્ટે ની હદમા રહેતા હોવાની રજુઆત કરેલ ત્યારબાદ મોરબી મુકામે રહેતા હોવાની રજુઆત સાથે માળીયા પોલિસ સ્ટેશનની હદમાં રહેતા હોવાના સરનામા રજુ રાખેલ છે. જે તમામ સરનામામા ફરિયાદીને અવારનવાર હાથોહાથ તથા ડાયરેક્ટ પોલિસ સ્ટેશનના સમન્સ વોરંટ બજાવવા હાથબિડો આપેલ હોવા છતા આજદીન સુધી આરોપીને ટ્રેસ કરી શકેલ નથી. તેમજ આજ રોજ એક ઝેરોક્ષ નકલમા એએસઆઇ શ્રી મોરબી સીટી એ ડિવિઝનના એએસઆઇ દ્વારા જવાબ રજુ રાખેલ છે તેમાં પણ આરોપી સુરેશ ખિમજી ફરિયાદીના જણાવ્યા મુજબના સરનામે રહેતા હોય તેવો કોઇ જવાબ પણ મેળવી શકેલ નથી.

આમ, ફરિયાદીને આરોપીનુ સરનામુ રજુ કરવા પુરતી તક આપેલ હોવા છતા છેલ્લા ૧૮ માસથી આરોપીના સરનામા બાબતે કોઇ ફળદાયી હકીકત કે નવુ અને સાચુ સરનામુ રજુ રાખી શકેલ નથી. તેમજ ભવિષ્યમા પણ આરોપીનુ સાચુ સરનામુ રજુ કરી શકે તેમ ન હોવાનુ ફરિયાદી તરફે વિવશ્રીએ જાહેર કરેલ છે તેમજ આજ રોજ વિવશ્રીની રજુઆત છે કે આરોપીનુ સરનામુ મળી શકેલ નથી પરંતુ પોલિસે લીધેલ જવાબ પુરસીસથી રજુ રાખુ છુ. આમ, આંક ૨૦ વાળી ઉપરોક્ત

પુરસીસને ધ્યાને લેતા આરોપી મળી આવવાની શક્યતા નહિવત જણાતી હોય તેમજ આરોપીની ગેરહાજરીને કારણે હાલનો કેસ પેન્ડિંગ રાખી શકાય નહીં.

વધુમા સીઆરપીસીની કલમ ૨૫૬ ધ્યાને લેતા આરોપીનુ સરનામુ યોગ્ય ન હોવાને કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી અને આરોપીને નિર્દોષ ઠરાવવા બાબતેની જોગવાઈ હોય જે જોગવાહી ધ્યાને લેતા સબબ કામમા છેલ્લા ઘણા વખતથી ફરિયાદી ગેરહાજર રહેલ હોય અને કેસ આગળ ચલાવવા પ્રયત્ન કરેલ ન હોય જે કારણોસર હાલની ફરિયાદ રદ કરવી ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

: હુકમ :

૧. ફરિયાદીએ દાખલ કરેલ ફરિયાદ રદ યાને ડિસમીસ કરવાનો હુકમ કરવામા આવે છે.

૨. આરોપી મોહમદ સુરેશભાઇ ખીમજીભાઇ સિંગલ તે ડી. એન. એન્જીનીયરીંગ ના પ્રોપ્રાયટરનાને નિર્દોષ ઠારાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

તા. ૩૦/૦૩/૨૦૨૬

( જે જે આહુજા)
જ્યુડી.મેજી.ફ.ક., પલસાણા
જજ કોડ જી જે ૦૧૪૩૬